૪, માર્ચ ૨૦૨૩

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા કે. કે. એસોસિએટ્સ ના સંયુકત ઉપક્રમે નિકાસકારો માટે "ગમે ત્યાં નિકાસ કરો અમે તમારૂ દેવું વસુલ કરીશું" વિષય પર માહિતી સભર અને સફળ સેમિનાર યોજવામાં આવેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા કે. કે. એસોસીએટ્સ હૈદરાબાદનાં સંયુકત ઉપક્રમે તા.૨–૩–૨૦૨૩, ગુરૂવાર સાંજે ૬–૦૦ વાગ્યે, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી રોડ, રાજકોટ ખાતે"ગમે ત્યાં નિકાસ કરો અમે તમારૂ દેવું વસૂલ કરીશું" વિષય પર સેમીનાર યોજવામાં આવેલ. જેમાં અપેક્ષીત સંખ્યા કરતા બહોળી સંખ્યમાં નિકાસકારો ઉપસ્થિત રહેલ અને તમામને સંતોષકારક માર્ગદર્શન મળ્યાનો આનંદ વ્યકત કરેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા અવાર–નવાર વિવિધ સેકટરને લગતા સેમીનારો યોજવામાં આવે છે. ત્યારે નિકાસકારો માટે સૌથી ચિંતાનો વિષય એ હોય છે કે આંતરરાષ્ટ્રિયમાં નિકાસ દરમ્યાન પૈસાની ઉઘરાણી કેવી રીતે કરીશું આના કારણે ઘણાં લોકો એક્ષપોર્ટથી દુર રહેતા હોય છે. ત્યારે આ સમસ્યાને દુર કરવા અને નિકાસકોરના વેપારમાં વૃધ્ધિ થાય તે માટે આજના આ સેમીનારનું આયોજન કરેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે.

સેમીનારમાં ખાસ ઉપસ્થિત કે કે એસોસીએટસ–હૈદ્રાબાદના શ્રી કમલ ખાંડેવાલએ રાજકોટ ચેમ્બર દ્વારા આ સેમીનારનું આયોજન કરવા બદલ આભાર વ્યકત કરતા જણાવેલ કે આંતરરાષ્ટ્રિયમાં કાનુની કાર્યવાહી તથા સફળતાપુર્વક નિકાસકારોના ભંડોળને પુનઃપ્રાપ્ત કરવા અમો મદદરૂપ થઈએ છીએ. જેમ કે વૈશ્વીક નિકાસ ડેટ રીકવરી સોલ્યુશન, ટ્રેડ ડિસ્પ્યુટ રીઝોલ્યુશન, આર્બિટ્રેશન ગ્રાહક નાણાંકિય દેવું સંગ્રહ, સાયબર લો કન્સલ્ટીંગ, આર્બિટ્રેશનની પ્રોસિજર અને તેના કલોઝ, એગ્રીમેન્ટ, કોન્ટ્રાકટ ફોર્મેટ કઈ રીતે કરવું જેવા વિવિધ મુદાઓ પર પાવરપોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપવામાં આવેલ. તેમજ ઉપસ્થિત નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે વિગતવાર પ્રત્યુતર આપેલ.

સમગ્ર સેમીનારનું સંચાલન તથા ઉપસ્થિત નિકાસકારોનો રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ આભાર વ્યકત કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.